# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,
# ગાંધીનગર
## સર્ટિફિકેટ તથા ડિપ્લોમા કોર્સનાં અભ્યાસકેન્દ્રની માન્યતા અંગેનો ઓર્ડિનાન્સ

વર્ષ: ૨૦૨૦-૨૧

## પ્રસ્તાવના

રાજ્ય સરકારશ્રી શિક્ષણમાં ગુણવત્તાની અભિવૃદ્ધિ થાય તેવાં ઉમદા આશયથી બહુવિધ પ્રયાસો હાથ ધરે છે. આ દિશામાં રાજ્ય સરકારશ્રીનું અભિનવ પ્રસ્થાન એટલે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગર્ભસ્થ શિશુથી શરૂ કરીને મનુષ્યના સર્વાંગીણ વિકાસ માટે પ્રવૃત્ત અનોખી વિશ્વની એકમાત્ર યુનિવર્સિટી છે. આપણા બાળકો સમાજના સમર્થ પથદર્શક અને રાષ્ટ્રના સૂત્રધાર બને એ યુનિવર્સિટીનું લક્ષ્ય છે. યુનિવર્સિટી મુખ્ય ચાર આયામો જેવા કે, શિક્ષણ, પ્રશિક્ષણ, સંશોધન અને વિસ્તરણ દ્વારા કાર્ય કરે છે. યુનિવર્સિટીની સ્થાપનાનો પ્રથમ દશકો પૂર્ણ થયો છે તેવા સમયે યુનિવર્સિટીએ પોતાના વિસ્તરણ માટે પણ વિચારણા હાથ ધરી છે. હાલ યુનિવર્સિટીના શૈક્ષણિક વિભાગો દ્વારા વિવિધ પરંપરાગત અને વિશિષ્ટ સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ ગાંધીનગર કેમ્પસ ખાતે ચલાવવામાં આવે છે. યુનિવર્સિટીના એકટમાં કરેલ પ્રાવધાન મુજબ યુનિવર્સિટી ગુજરાતભરમાં અત્યારે ‘તપોવન કેન્દ્ર’ અને ‘વિદ્યાનિકેતન કેન્દ્ર’ જેવા મહત્ત્વના પ્રકલ્પોનું જોડાણ આપી રહી છે. એ જ રીતે યુનિવર્સિટીના શૈક્ષણિક વિભાગો દ્વારા ચાલતા સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ ગુજરાતભરમાં ચલાવવા માટે અભ્યાસકેન્દ્રો શરૂ કરી જોડાણ આપી શકે છે, જેથી શિક્ષણની ગુણવત્તાની વૃદ્ધિ અને રાજ્યના લોકોના વિશાળ હિતમાં કામ થઈ શકે. આ માટે રાજ્યની વિવિધ સંસ્થાઓને **પરિશિષ્ટ – ૧** મુજબના સર્ટિફિકેટ અને ડિપ્લોમા અભ્યાસક્રમો ચલાવવા માટે જોડાણ આપવામાં આવશે. આ ઉપરાંત વખતો વખત યુનિવર્સિટી જે પણ અભ્યાસક્રમ ચલાવવાની મંજુરી આપે તેનુ પણ જોડાણ આપવામા આવશે

## લાભાર્થી તથા વયજૂથ

(૧) રાજ્યભરમાં આવેલ સરકારી,અનુદાનિત/ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ તથા શૈક્ષણિક હેતુ માટે રજિસ્ટર થયેલા ટ્રસ્ટ

(૨) યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં નિર્દેશિત વયજૂથના બાળકો તથા પુખ્તવયની વ્યક્તિઓ.

## જોડાણની પ્રક્રિયા

(૧) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ મેળવવા ઇચ્છુક સંસ્થાઓએ નીચે મુજબની પ્રક્રિયા અનુસરવાની રહેશે:

ક) જોડાણ મેળવવા ઇચ્છુક સંસ્થાઓએ જોડાણ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઇટ www.cugujarat.ac.in પર “Affiliation Portal” પર નિશ્ચિત ફોર્મેટમાં જ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ખ) ઓનલાઇન કરેલ અરજીની એક હાર્ડ કોપી તેમજ સાથે જોડવાના પુરાવાઓ સાથે પત્ર દ્વારા યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

ગ) ત્યાર બાદ સંસ્થાઓની જોડાણ માટેની અરજીની ચકાસણી કર્યા બાદ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થળ તપાસ સમિતિ સંસ્થાની ભૌતિક અને માનવીય શક્તિની તપાસ માટે જશે.

ઘ) અરજીના આધારે ચકાસણી અને સ્થળ તપાસ કર્યા બાદ સમિતિના અહેવાલ/ ભલામણના આધારે જોડાણ કમિટી જોડાણની પ્રક્રિયા હાથ ધરશે.

ચ) અરજીના આધારે પુરાવાઓની ચકાસણી, સ્થળ તપાસ સમિતિનો અહેવાલ / ભલામણ અને ત્યારબાદ જોડાણ કમિટીની જોડાણ અંગેની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે યુનિવર્સિટી દ્વારા જોડાણ આપવા અંગેની સંમતિ મળ્યે જોડાણ મેળવવા ઇચ્છુક સંસ્થાને જોડાણની મંજુરી અંગેનો પત્ર

મોકલવામાં આવશે અને તે પત્ર કર્યાની તારીખથી જોડાણ અમલમાં આવશે.

(૨) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાનું જોડાણ ત્રણ વર્ષનું રહેશે. ત્રણ વર્ષનાં પુનઃ જોડાણ માટે ફરી અરજી કરી જોડાણ માટેની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

## ભૌતિક સુવિધા

(૧) વહિવટી કાર્ય માટે જરૂરી સુવિધાયુક્ત કાર્યાલય

(૨) યુનિવર્સિટી દ્વારા પૂરા પાડવામાં આવતી અભ્યાસ સામગ્રીના સંગ્રહ માટેની જરૂરી વ્યવસ્થા

(૩) ડિપ્લોમા તથા સર્ટિફિકેટ કોર્સના વિદ્યાર્થીઓ માટે વર્ગખંડ તથા વાંચનખંડ સાથે લાઇબ્રેરીની સુવિધા

(૪) સંગીત, કલા, વિજ્ઞાન તથા યોગ અને રમતને લગતા ડિપ્લોમા તથા સર્ટિફિકેટ કોર્સના અભ્યાસ માટે જરૂરી સાધનો તથા જગ્યાની વ્યવસ્થા

(૫) શિક્ષક/પરામર્શક/વિષય નિષ્ણાતના બેસવા માટે સ્ટાફરૂમની વ્યવસ્થા

(૬) સ્ત્રી/પુરુષ સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટેના શૌચાલયની યોગ્ય વ્યવસ્થા

(૭) કમ્પ્યૂટર લેબ તે ઉપરાંત કોર્સને ધ્યાનમાં રાખીને જરૂરીયાત મુજબ લેબની વ્યવસ્થા.

## માનવબળ

(૧) અભ્યાસ કેન્દ્રના સંચાલક તરીકે સંસ્થાના વડા રહેશે.

(૨) અભ્યાસ કેન્દ્ર દીઠ એક સંયોજકની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવાની રહેશે.

(૩) અભ્યાસ કેન્દ્ર દીઠ વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે ક્લાર્ક તથા સેવકની સંસ્થા દ્વારા વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) જે-તે કોર્સની આવશ્યકતા અનુસાર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ માન્ય કરેલ શિક્ષક/પરામર્શક/વિષય નિષ્ણાતની વ્યવસ્થા સંસ્થાએ કરવાની રહેશે અને વિષય નિષ્ણાતની માન્યતા યુનિવર્સિટી પાસેથી મેળવવાની રહેશે.

## જોડાણ ફી ની વિગત

(૧) શૈક્ષણિક સંસ્થાઓ તથા શિક્ષણ સાથે જોડાયેલા બિન-સરકારી સંગઠનો અને યુનિવર્સિટી સાથે જોડાયેલા વિદ્યાનિકેતન કેન્દ્રો અને તપોવન કેન્દ્રો માટે જોડાણ ફી નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિગત | નવી જોડાતી સંસ્થા માટે ફી (રૂ/-) | યુનિવર્સિટી માન્ય વિદ્યાનિકેતન અને તપોવન કેન્દ્ર માટે જોડાણ ફી (રૂ/-) |
|---|---|---|---|
| ૧ | અરજી ફોર્મ ફી (રજીસ્ટ્રેશન ફી) | ૧૦૦૦/- | ૨૫૦/- |
| ૨ | સ્થળ તપાસ /પ્રોસેસિંગ ફી | ૫૦૦૦/- | - |
| ૩ | ડિપોઝિટ | ૫૦૦૦/- | - |
| ૪ | પ્રથમ જોડાણ ફી (ત્રણ વર્ષ માટે) | ૧૦૦૦૦/- | ૨૫૦૦/- |
| ૫ | પુનઃ જોડાણ ફી | પુનઃ જોડાણ અંગે યુનિવર્સિટી દ્વારા જે તે સમયે જાણ કરવામાં આવશે. | |

(૨) સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ, શૈક્ષણિક તથા પરીક્ષા ફી યુનિવર્સિટીના વખતો વખતના ધારા ધોરણ મુજબની રહેશે.

(૩) યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણની પ્રવેશ ફી અને પરીક્ષા ફી યુનિવર્સિટી ખાતે જમા રહેશે જેની ઓનલાઇન વ્યવસ્થા કરવામાં આવશે.

(૪) સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ માટે જોડાણ પામેલી સંસ્થાઓને ડિપોઝિટ સિવાય કોઇપણ પ્રકારની ફી પરત મળશે નહીં.

(૫) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જો વિદ્યાર્થી નિયત સમય મર્યાદામાં પ્રવેશ રદ્દ કરાવે તો યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ ફી વિદ્યાર્થીને પરત કરવામાં આવશે.

(૬) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાઓને જે તે સમયે ફી માં આવતા બદલાવો અંગે અગાઉથી જાણ કરવામાં આવશે.

## અભ્યાસ કેન્દ્રના નિભાવની વ્યવસ્થા

- **યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી સંસ્થાઓ માટે પ્રતિ વિદ્યાર્થી દીઠ કુલ ફી (સત્ર ફી)ના ૭૫% સંસ્થાના શૈક્ષણિક ખર્ચ પેટે કે નિભાવ ગ્રાંટ પેટે આપવામાં આવશે તથા બાકી રહેતી ૨૫ % રકમ યુનિવર્સિટીની રહેશે. પ્રવેશ ફી અને તમામ પ્રકારની પરીક્ષા ફી યુનિવર્સિટીની રહેશે.**

## તાલીમ, બેઠક અને કાર્યક્રમ

(૧) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલ સંસ્થાના યુનિવર્સિટીએ માન્ય કરેલ શિક્ષક/ પરામર્શક/ વિષય નિષ્ણાતને વખતો વખત યુનિવર્સિટી દ્વારા તાલીમ પુરી પાડવામાં આવશે.

(૨) જોડાણ પામેલી દરેક સંસ્થાએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત બેઠક,તાલીમ કે અન્ય કાર્યક્રમો માટે કોર્સ સંબંધિત કર્મચારી કે અધિકારીઓને જે તે સ્થળે સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. તાલીમ ખર્ચ અંગેની જાણ જે તે તાલીમના આયોજન સમયે કરવામાં આવાશે.

## જોડાણ કમિટી

(૧) સંસ્થાઓને સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ આપવા અંગેની કમિટીના સભ્યો નીચે મુજબ રહેશે:

**(અ) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં કુલસચિવશ્રી અથવા તેમનાં નામ નિયુક્ત- અધ્યક્ષ**
**(બ) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં ડિપાર્ટમેન્ટનાં પ્રોફેસર/એસોસિયેટ પ્રોફેસર કક્ષાનાં બે વ્યક્તિઓ- સભ્ય**
**(ક) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં જોડાણ સેક્શનનાં કૉ-ઓર્ડિનેટર- સભ્ય**

(૨) સંસ્થાઓને સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ આપવા અંગે જોડાણનાં નિયમોને આધીન સંપૂર્ણ સત્તા જોડાણની કમિટીના સભ્યોની રહેશે.

(૩) સંસ્થાઓને સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ આપવા અંગે જોડાણનાં નિયમોમાં ફેરફાર કે બદલાવ અંગે જોડાણની કમિટીની સંમતિ મેળવવાની રહેશે.

(૪) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ આપવા અંગે જોડાણનાં નિયમોમાં કોઇ પણ નિયમોનું અર્થઘટન કરવાની આખરી સત્તા જોડાણની કમિટીની રહેશે.

## પરીક્ષા

(૧) સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ૮૦% હાજરી અનિવાર્ય રહેશે. અપૂર્ણ હાજરીના કિસ્સામાં યોગ્ય ખુલાસાની સમીક્ષા કેન્દ્ર સંચાલક દ્વારા ભલામણ કર્યા બાદ પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવશે.

(૨) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાએ યુનિવર્સિટી દ્વારા લેવાનારી પરીક્ષાનું કેન્દ્ર પોતાની સંસ્થા અથવા યુનિવર્સિટી ફાળવે ત્યાં રાખવાનું રહેશે.

(૩) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાએ યુનિવર્સિટી દ્વારા લેવાનારી પરીક્ષાની સંપૂર્ણ ભૌતિક સુવિધાઓ ઉભી કરવાની રહેશે અને તેનો યુનિવર્સિટી દ્વારા કોઇપણ અલગથી ચાર્જ આપવામાં કે ચુકવવામાં આવશે નહિ.

(૪) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાઓ કે વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષાના નિયમોનો ભંગ થતા યુનિવર્સિટી દ્વારા પગલા લેવામાં આવશે અને તેનો સૌ કોઇએ સ્વીકાર કરવાનો રહેશે.

(૫) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાઓનાં કર્મચારીઓએ કે અન્ય વ્યક્તિ જે પરીક્ષા કાર્ય સાથે જોડાયેલ હોય તેઓએ પરીક્ષા કાર્યની ગુપ્તતા જાળવવાની રહેશે.

(૬) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાઓના વિદ્યાર્થીઓની પરીક્ષા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા લેવામાં આવશે અને યુનિવર્સિટી જે પ્રમાણે પરીક્ષા અંગે સંસ્થાઓને સૂચના આપે તે મુજબ પરીક્ષા વ્યવસ્થા અને અન્ય આનુષંગિક અનુકૂળતા તેમજ પ્રાયોગિક પરીક્ષાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા લેવામાં આવનાર પરીક્ષાના પ્રશ્નપત્રો યુનિવર્સિટી દ્વારા પહોંચાડવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી પ્રતિનિધિને અથવા પોસ્ટ દ્વારા અથવા રુબરું યુનિવર્સિટીને ઉત્તરવહીઓનું સીલબંધ કવર સોંપવાનું રહેશે.

(૮) સફળતાપૂર્વક સહભાગી થનાર વિદ્યાર્થીને પરીક્ષા વિભાગ દ્વારા યુનિવર્સિટીનું સર્ટિફિકેટ/માર્કશીટ મળશે.

(૯) યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી સંસ્થાઓને પરીક્ષાને લગતું મહેનતાણું યુનિવર્સિટી દ્વારા ચુકવવામાં આવશે.

## સામાન્ય નિયમ

(૧) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાએ યુનિવર્સિટી દ્વારા નક્કી થયા મુજબના નિયમો માન્ય રાખવાનાં રહેશે.

(૨) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સના સમયપત્રક મુજબ મિનિમમ ત્રણ થી ચાર કલાક માટે અભ્યાસકેન્દ્ર કાર્યરત રહેવું જોઇએ.

(૩) સંસ્થાઓએ યુનિવર્સિટી દ્વારા પૂર્વ સૂચનાનુસાર વિદ્યાર્થીઓની તમામ વિગતો નક્કી કરેલ સમય મર્યાદામાં મોકલી આપવાની રહેશે.

(૪) દરેક સત્રનાં અંતે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી સંસ્થાએ વાર્ષિક પત્રક ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એકેડેમિક કેલેન્ડર મુજબ બનાવવું અને તે પત્રક દરેક સત્રના અંતે યુનિવર્સિટીએ નિયત કરેલાં ફોર્મમાં ભરીને વિગતો મોકલી આપવાની રહેશે.

(૫) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થા પાસે વખતો વખત કોઇ પણ જરૂરી માહિતી માગ્યે પૂર્તતા કરવાની રહેશે.

(૬) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાઓ ટ્રસ્ટની બદલી કરી શકશે નહીં અને જો બદલાવ કે ફેરફાર કરવાનઓ હોઇ તો જેને પોતાની સંસ્થાનું કે ટ્રસ્ટનું નામ બદલવાનું હોય કે બદલાવેલ હોય તેઓએ નિયત પત્રકમાં અરજી કરી યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે અને પુન: જોડાણની પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૭) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાઓ પોતાના અભ્યાસકેન્દ્રનું સ્થળ બદલાવે તો નવા સ્થળની મંજૂરી લેવાની રહેશે તેમજ સ્થળ તપાસ કરાવ્યા બાદ જ કોર્સને ચલાવવાની પરવાનગી પ્રાપ્ત થશે.

(૮) જોડાણ પામેલી દરેક સંસ્થાએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ અંગેનું જોડાણ રદ્દ કરવા ઇચ્છતી હોય તો તેવી સંસ્થાઓએ જોડાણ રદ્દની અરજી તેમજ ટ્રસ્ટ દ્વારા પસાર કરેલ ઠરાવ બિડાણ કરી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સરનામે મોકલી આપવાની રહેશે.

(૯) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ અંગેનું જોડાણ રદ્દ કરેલ સંસ્થા જે તે શૈક્ષણિક વર્ષ પછીના આગામી બે વર્ષ સુધી પુન:જોડાણ માટે અરજી કરવા પાત્ર નથી.

(૧૦) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સ અંગેનું જોડાણ રદ્દ કરેલ સંસ્થાને બાકી રહેલ વિદ્યાર્થીના કોર્સ પૂર્ણ જે તે શૈક્ષણિક વર્ષમાં જ કરી આપવાની વ્યવસ્થા અંગેનું બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

(૧૧) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ આપવા અંગે જોડાણનાં નિયમોમાં શાબ્દિક ફેરફાર કે અર્થઘટનનો ફેરફાર જે તે તારીખથી જ જોડાયેલી તમામ સંસ્થાઓને લાગુ પડશે.

(૧૨) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાઓને યુનિવર્સિટી દ્વારા અભ્યાસક્રમ આપવામાં આવશે જે અભ્યાસક્રમ દરેક સંસ્થાઓએ ચલાવવાનો રહેશે.

(૧૩) ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સર્ટિફિકેટ અને ડિપ્લોમા કોર્સમાં જોડાણ પામેલી દરેક સંસ્થાઓએ પોતાની લાઇબ્રેરીમાં જે તે અભ્યાસક્રમનાં સંદર્ભ પુસ્તકો વસાવવાનાં રહેશે.

(૧૪) કોર્ટ અને કાયદા સંબંધી બાબતો માટે ગાંધીનગર હદ વિસ્તાર લાગુ પડશે.

| No. | Name of the Course | Mode | Medium of Instruction | Course Duration in Semester | Minimum Qualification | Concern Department of University |
|---|---|---|---|---|---|---|
| **P.G. DIPLOMA** | | | | | | |
| 1. | P.G. Diploma in School Counselling | Regular | Gujarati | 2 | Any Graduate | Department of Education |
| 2. | P. G. Diploma in Bhavya Divya Bharat | Regular | Gujarati | 2 | Any Graduate | Department of BALBHAVAN |
| 3. | P.G. Diploma in Prenatal Care &Edu. | Regular | Gujarati | 2 | Any Graduate | Department of Prenatal Care |
| 4. | P.G. Diploma in Nutrition & Dietetics | Regular | Gujarati | 2 | B.Sc./M.Sc. (F&N/) B. Voc. in food Processing, B.Sc. (micro) B.Sc. (nursing), B. Physio | Department of Home Science |
| **CERTIFICATE COURSE** | | | | | | |
| 1. | Certificate Course in Drawing & Painting | Regular | Gujarati | 6 Months | STD. 5 Pass | Department of Vidyaniketan |
| 2. | Certificate Course in Vocal Music | Regular | Gujarati | 6 Months | STD. 5 Pass | Department of Vidyaniketan |
| 3. | Certificate Course in Kaththak Nrutya | Regular | Gujarati | 6 Months | STD. 5 Pass | Department of Vidyaniketan |
| 4. | Certificate Course in Bharatiya Khel | Regular | Gujarati | 6 Months | STD. 10 Pass | Department of Vidyaniketan |
| 5. | Certificate Course in Course Spoken English | Regular | Gujarati | 6 Months | STD. 5 Pass | Department of Vidyaniketan |
| 6. | Certificate Course in Peace Management through Geeta | Regular | Gujarati | 6 Months | $10^{th}$ and Equal | Department of Sanskrit |
| 7. | Certificate Course in Spoken Sanskrit | Regular | Gujarati | 6 Months | $10^{th}$ and Equal | Department of Sanskrit |
| 8. | Certificate Course in Moral Education in Neetishatakam | Regular | Gujarati | 6 Months | $10^{th}$ and Equal | Department of Sanskrit |
| 9. | Certificate Course in Proof Reading | Regular | Gujarati | 6 Months | $10^{th}$ and Equal | Department of Gujarati |
| 10. | Certificate Course in Astrophysics | Regular | Gujarati | 6 Months | 10+2 Pass | Department of BALBHAVAN |
| 11. | Certificate Course in Basic of Vedic Maths | Regular | Gujarati | 6 Months | 10+2 Pass | Department of BALBHAVAN |
| 12. | Certificate Course in Toy Making & Joyful Learning | Regular | Gujarati | 3 Months | For students of Std. 5 to 8 Only | Department of Toy Innovation |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **13.** | **Certificate Course in Innovation in Toy based Pedagogy** | **Regular** | **Gujarati** | **3 Months** | **For Teachers & Parents** | **Department of Toy Innovation** |
| **14.** | **Certificate Course in Excellence in Higher Education** | **Regular** | **Gujarati** | **6 Months** | **Any Post Graduate (with 55%)** | **Department of Accreditation** |
| **15.** | **Certificate Course in Excellence in School Education** | **Regular** | **Gujarati** | **6 Months** | **B.Ed./ P.T.C. OR Any Graduate** | **Department of Accreditation** |
| **16.** | **Certificate Course in Research Methodology in Social Science** | **Regular** | **Gujarati** | **6 Months** | **Any post Graduate (with 55%)** | **Department of Accreditation** |
| **17.** | **Certificate Course in Pre School Education** | **Regular** | **Gujarati** | **6 Months** | **10+2 Pass** | **Department of Education** |
| **18.** | **Course on Computer Concepts (CCC)** | **Regular** | **English/ Gujarati** | **6 Months** | **$10^{th}$ Pass** | **School of Indic Studies (Skill Centre)** |